શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

વર્ષ-૧૧ અંક-૧
જાન્યુઆરી - ૨૦૧૯
પંચવાર્ષિક લવાજમ
રૂા. ૨૫૦/-

ધનુર્માસ દરમિયાન SGVP ધર્મજીવન હોસ્ટેલના વિદ્યાર્થીઓ દ્વારા રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજનું
યોજાયું રાજોપચાર પૂજન, ફલકૂટ ઉત્સવ, સમૂહ આરતી.

મકરસંક્રાંતિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, પૂજ્ય સંતો, તથા ભક્તજનો-ઢોલેશ્વર ગુરુકુલ

ટેની-કોઇટ સ્પર્ધાના સમાપન પ્રસંગે પૂજ્ય સ્વામીજી સાથે દેશભરમાંથી રમવા આવેલા વિદ્યાર્થીઓ, રીબડા ગુરુકુલ

ત્રિદિવસીય રમતોત્સવનો પ્રારંભ કરાવતા સદ્‌ગુરુ સંતો તથા દેશ-વિદેશના ભક્તજનો, અમદાવાદ ગુરુકુલ

SGVPની મુલાકાતે પધારેલા જાણીતા કથાકાર અને સંત શ્રી રાજેન્દ્રદાસજી મહારાજ

'સાંઈ મકરદ દયે' પર્વ પ્રસંગે દીપપ્રાગટ્ય કરતા પૂજ્ય સ્વામીજી, પૂજ્ય પુરાણી સ્વામી, રઘુવિરભાઇ ચૌધરી તથા મહાનુભાવો, SGVP

શીખ ધર્મના ગુરુ શ્રી તેગ બહાદુરજીના શહીદ દિનની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા મહાનુભાવો, SGVP

દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના વાર્ષિકોત્સવ પ્રસંગે દીપ પ્રાગટ્ય કરતા પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, મહાનુભાવો તથા સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે યોગ નિદર્શન કરાવતા ઋષિકુમારો

ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૧, જાન્યુઆરી : ૨૦૧૯, અંક : ૧

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : શાસ્ત્રી શ્રી યશવલ્લભદાસજી સ્વામી
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક	: રૂ. ૫/-
પંચવાર્ષિક લવાજમ	: રૂ. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ	: રૂ. ૩૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ	: $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોષ્ટ ઓફીસ અથવા પોષ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

અજ્ઞાન અંધારું રે...

અજ્ઞાન અંધારું રે,
સખી સર્વે ટળ્યું રે;
આવ્યો અતિ ઘોર નિશાનો અંત;
સર્વે સુખકારી રે,
સુરજ ઉદય થયા રે,
પ્રભુ મારો અક્ષરાતીત અનંત...અજ્ઞાન. ૧
ભક્ત કમળ ફૂલ્યાં રે,
જીવન જોવા કારણે રે,
કરમાઈ ગયા કુમતિ કુમુદની પેર;
ઉલુક મીંચી બેઠા રે,
ઠારો ઠાર આંખને રે,
આજ મારે થઈ છે લીલા લહેર...અજ્ઞાન. ૨
દિવ્ય ચક્ષુ થયાં રે,
સંશય સર્વે ટળ્યાં રે,
મળ્યા વા'લો મૂર્તિમાન મહારાજ;
ભૂમાનંદનો સ્વામી રે,
પ્રકટ મેં પૂજિયા રે,
મળ્યું ફળ દેહ ધાર્યાનું આજ૦...અજ્ઞાન. ૩

આમાન ભરવા છે !

- સ્વામી માધવપ્રિયદાસ

વર્ષો પહેલાની વાત છે. વાત પોરબંદરના કુતિયાણા પાસેના દેવડા ગામની છે.

મીણસાર નદીને કિનારે વસેલું દેવડા રળિયામણું ગામ છે. એ સમયે આ નદી બારે માસ વહેતી હતી. એ સમયે દેવડા નવાબની હકુમત નીચે હતું. મીણસાર નદીને કિનારે આવેલો નવાબનો મહેલ આજે પણ એની સાક્ષી પૂરે છે.

ગામમાં આશરે ત્રણ હજારની વસ્તી છે. આમ તો ગામમાં અઢારે આલમ વસે છે, પણ કડવા કણબીની વસ્તી વધારે છે. બધા હળીમળીને રહે છે.

ગામના વહવાયા ગામની સેવા કરે ને ગામ વહવાયાનું પોષણ કરે. ગામમાં કોઈ ભૂખ્યો ન રહે, ગામમાં કોઈ તરસ્યો ન રહે. ટાણે કટાણે સુખદુઃખમાં બધા એકબીજાના સાથીદાર.

ગામમાં જોઈતી વસ્તુ ગામમાં જ મળી રહે.

આ ગામમાં મોંઘીબા નામે ડોશીમા રહેતા હતા. અટક મેઘપરા હતી. પૂર્વ જન્મના પુણ્યાત્મા જીવ હતા. સીધી-સાદી, સાત્ત્વિક રહેણી-કરણી હતી. પ્રેમાળ સ્વભાવ હતો.

પરિવારનો વિસ્તાર મોટો હતો, દીકરાઓને ઘરે વહુઓ હતી. વહુઓને પારણે દીકરા ઝૂલતા હતા. મોંઘીમાની દીકરીઓ તો સાસરે ગયેલી, પણ માએ વહુઓને દીકરીઓ કરીને રાખેલી અને વહુઓ પણ માની સારી રીતે સંભાળ રાખતી હતી.

મોંઘીમાની શરીર સંપત્તિ સારી હતી. વૃદ્ધ ઉંમર હતી છતાં કડેધડે હતા ! ઘરમાં આર્થિક સ્થિતિ સાધારણ હતી પણ ભક્તિની મોંઘેરી મૂડી અઢળક હતી.

ઘરનું કામકાજ કરતા કરતા મોંઘીમા ઠાકોરજીના કીર્તન અને હરિનામ સ્મરણ કરતા રહેતા હતા.

મોંઘીમાનો સ્વભાવ ઉદાર હતો. એમને આંગણેથી કોઈ ભગત-ભિખારી ખાલી હાથે પાછો જતો ન હતો.

એક દિવસ મોંઘીમાને કંઈક આગમનો અણસાર આવી ગયો. એમણે એના મોટા દીકરા માધાને કહ્યું, "બેટા ! આવતી કાલે મારે આમાન ભરવા છે તો ગામના બધા બ્રાહ્મણ-સાધુને બોલાવો."

'આમાન' શબ્દનો અર્થ છે કાચું સીધું.

સંસ્કૃતમાં 'આમાન્ન' શબ્દ છે. 'આમ' એટલે કાચું અને 'અન્ન' એટલે અનાજ.

સંસ્કૃત ભાષાનો આ શબ્દ ગુજરાતી ભાષામાં જેમનો તેમ ઊતરી આવ્યો છે.

નાની દીકરીને જોતા દાદીમાની અણસાર આવે એમ ગુજરાતી ભાષાનું રૂપ જોતા દાદીમા સમાન સંસ્કૃત ભાષાની અણસાર આવ્યા સિવાય રહેતી નથી.

ગામમાં આશરે પચ્ચીસ જેટલા બ્રાહ્મણના ઘર હતા. ગામના વાણંદે ઘરે ઘરે ફરીને કહ્યું, "મોંઘીમાને આમાન ભરવા છે તો આમાન લેવા આવજો."

બીજે દિવસે મોંઘીમાએ આમાન ભર્યા. ઘરેઘરેથી બ્રાહ્મણ-સાધુ હાથમાં કોથળા લઈને આવતા ગયા. મોંઘીમા નાની લોઢાની સૂંડલીમાં ધાન ભરી ભરી બ્રાહ્મણ-સાધુઓની ઝોળીયુંમાં ઠાલવતા ગયા.

એવામાં એક દસ-બાર વર્ષનો બ્રાહ્મણનો દીકરો આમાન લેવા આવ્યો. મોંઘીમાએ નેજવું માંડી છોકરાની સામે જોયું.

આંખે ઝાંખપ આવે ત્યારે વૃદ્ધો નેણ ઉપર આડી હથેળી રાખીને જુએ એને નેજવું માંડ્યું કહેવાય.

મોંઘીમાની વાત્સલ્ય ભરી દૃષ્ટિ છોકરા ઉપર સ્થિર થઈ.

મોંઘીમાએ પૂછ્યું, "બેટા ! તારું નામ શું ?"

છોકરો બોલ્યો, "લાભુ !"

મોંઘીમાએ પાછું પૂછ્યું, "બેટા ! ધનજીભાઈનો કે મથુરભાઈનો ?"

મોટી ઉંમરે પણ મોંઘીમાની સ્મૃતિ સતેજ હતી.

લાભુએ કહ્યું, "ધનજીભાઈનો !"

સાંભળીને મોંઘીમા રાજી થયા. સૂંડલી ભરી લાભુની ઝોળીમાં ધાન નાખ્યું.

આમાન લઈ લાભુ ઘેર ગયો. આ નાના કિશોરના હૈયામાં મોંઘીમાની વાત્સલ્યભરી પ્રેમાળ મૂર્તિ વસી ગઈ હતી.

બીજે દિવસે વહેલી સવારે લાભુની ઊંઘ ઉડી ગઈ. ધોળના સૂર એને કાને પડ્યા,

'આજ રે સપનામાં મેંતો દીઠાં હરિને...'

ઉત્સુકતાવશ લાભુએ પોતાના બા વ્રજકુંવરબેનને પૂછ્યું, "બા! અટાણમાં આ ધોળ કોણ ગાય છે?"

બા બોલ્યા, "બેટા! મોંઘીમાની જાન નીકળી છે!"

નાની ઉંમરનો લાભુ કાંઈ સમજી ન શક્યો એટલે એણે પ્રશ્નભરી નજરે બાની સામે જોયું.

છોકરાની અવઢવ સમજી બાએ ચોખવટ કરી, "લાભુ! આજે વહેલી સવારે મોંઘીમા પ્રભુના ધામમાં સિધાવ્યા છે એટલે એમને ત્યાં ધોળ ગવાઈ રહ્યા છે."

આ માઠા સમાચાર સાંભળતા જ લાભુ અવાચક થઈ ગયો.

નેજવું માંડીને નીરખતી, વાત્સલ્યમૂર્તિ મોંઘીમાની છબી એની નજર સામે ઉભરી આવી. લાભુનું હૈયું ભરાઈ આવ્યું અને આંખોમાં આંસુડાં છલકાયા.

હવે બન્યું હતું એવું કે આમાન ભરવાનો વિધિ પૂરો થયા પછી મોંઘીમાએ આખા પરિવારને ભગો કર્યો અને હસતા હસતા કહ્યું કે, "આવતી કાલે મારી જાન કાઢવાની છે!"

મોંઘીમાની વાત કોઈ સમજી ન શક્યું એટલે પૂછ્યું, "મા! સમજાય એમ બોલો."

મોંઘીમાએ કહ્યું, "આવતી કાલે મારો છેલ્લો વરઘોડો નીકળવાનો છે! મારી આવરદા પૂરી થઈ ગઈ છે એટલે કાલે હું પ્રભુના ધામમાં જઈશ!" આખા ઘરને આંચકો લાગ્યો.

દીકરાની વહુએ કહ્યું, "મા! આપ આવા સાજા-સારાં અને રાતી રાજ્ય જેવા છો ને ધામમાં કેમ જશો?"

મોંઘીમાએ વળી હસીને કહ્યું, "તું જોતી રહેજે, તારી નજર સામે હું હરિની વાટે હાલતી થઈ જઈશ!"

વાત આગળ વધારતા મોંઘીમાએ કહ્યું, "જો જો હો, મારી પાછળ રોકકળ કરતા નહીં. તમે બધી વહુ-દીકરીઓ જાનમાં પહેરે એવા સાડી, ઘરચોળા અને ઘરેણા પહેરજો! મારા શરીરને શણગારેલી પાલખીમાં પધરાવજો, ધોળ ગાતા ગાતા ભજન-કીર્તન કરતા કરતા મને ઝાંપા સુધી વળાવવા આવજો!"

ખરેખર વહેલી સવારે બ્રાહ્મમૂહુર્તમાં મોંઘીમાનું શરીર છૂટી ગયું. મોંઘીમાની પાલખી ઘરેથી ઉપડી. એમની છેલ્લી ઇચ્છા પ્રમાણે ઘરના સભ્યોએ જાનમાં જતા હોય એમ નવાં નકોર કપડાં પહેર્યા. બાઈયુંના કંઠેથી મોંઘીમાની છેલ્લી જાનના ગીત ગૂંજવા લાગ્યા,

આજ રે સપનામાં મેંતો દીઠાં હરિને,

દીઠાં હરિને મેંતો નીરખ્યા હરિને...

ઝાંઝ પખાજ વાજીંતર વાગે,

માથે મુગટ વાલો મોરલી વજાડે..

મોરલી વજાડે વાલો રાસ રમાડે,

રાસ રમાડે વાલો હરિસ્સ પાવે...

આજ રે સપનામાં મેં તો દીઠાં હરિને,...

ભલભલા યોગીઓ અને વેદાંતીઓને જે ગતિ મળે કે ન મળે એ દિવ્ય ગતિ અભણ પણ અનુભવી મોંઘીમાને મળી!

ફિલોસોફરો ફીકાં ખાંડતા રહ્યા, જ્યારે સીધાંસાદા મોંઘીમા પામવાનું હતું એ પામી ગયા!

જીવ હરિવરને વરે એથી રૂડો અવસર બીજો ક્યો હોઈ શકે?

સામાન્ય રીતે લોકો જન્મે છે, પરણે છે, મરે છે અને ભવાટવીમાં ફરે છે, પણ કોઈ વરવા જેવા હરિવરને વરતા નથી.

હરિવર હાથે વરે એના ભવના ફેરા ટળે, પરંતુ આવા હરિવરને વરનારા વીરલા હોય છે. મોંઘીમા એવા વિરલ જીવ હતા.

મોંઘીમાની જાન એટલે હરિવરને વરવાની જાન! મોંઘીમાએ મૃત્યુને મહોત્સવ બનાવી દીધું.

સમયનો પ્રવાહ સરતો રહ્યો. દેવડામાં બે લાભુ હતા. એક લાભશંકર ધનજી પુરોહિત અને બીજા લાભુભાઈ મથુરભાઈ. એમાંથી એક લાભુને આજે આખું ગુજરાત

લાભશંકરભાઈ પુરોહિત તરીકે ઓળખે છે.

આદરણીય શ્રીલાભશંકરભાઈ પુરોહિતે પોતાની આગવી પ્રતિભાથી સમગ્ર સાહિત્ય જગતને લાભાન્વિત કર્યું છે અને 'લાભશંકર' નામ સાર્થક કર્યું છે. તેઓ ગુજરાતી સાહિત્યના વિશ્વકોષ સમાન છે. સમગ્ર સાહિત્ય જગત કાયમ માટે એમનું ઋણી રહેશે.

નોંધઃ- મોંઘીમાનો આ પ્રસંગ શ્રીલાભશંકરભાઈ પુરોહિતના પ્રવચનને આધારે લખાયો છે.

*****

જીવન શણગારની વાર્તાઓ

- સાધુ યજ્ઞવલ્લભદાસ

લોકો વસ્ત્રો-ઘરેણાંથી શરીરને શણગારતા હોય છે, જ્યારે જીવન શણગાર માટે કોઈ ઘરેણાંની જરૂર પડતી નથી. એના માટે સદ્‌ગુણોની આવશ્યકતા રહે છે. શરીરનો શણગાર આંજે છે, જ્યારે સદ્‌ગુણોનો શણગાર પોતાને અને બીજાને માંજે છે. નાનાં નાનાં પ્રસંગો-વાર્તાઓમાંથી જીવન શણગારના કેટલાંક મહામૂલા ઘરેણા પ્રાપ્ત થતા હોય છે. અહીં મારાં વાંચનમાં આવેલી કે સાંભળેલી અને મને ગમેલી થોડી વાર્તાઓ-પ્રસંગો પીરસ્યા છે, જેનું મનન-ચિંતન કરતા જરૂર જીવન શણગારના આભૂષણ પ્રાપ્ત થશે.

સુખ આપતી કાંટાની પથારી !

બાલઘાટના ગણેશનાથ જુદી જ જાતના માનવી હતા. રહે જંગલમાં, ભજન-કીર્તન કરે. ગામોમાં રાતના ભજન પતે કે જંગલની પોતાની ઝૂંપડીમાં જઈ આરામ કરે. જોતજોતામાં ગણેશનાથની કીર્તિ ચોમેર ફેલાઈ ગઈ. એ ત્યાગી અને ભક્ત માનવી મહાત્માના નામે ઓળખાવા લાગ્યા. એકવાર છત્રપતિ શિવાજી પંઢરપુર જતા હતા. શિવાજીએ ગણેશનાથની કીર્તિ સાંભળી હતી, તેથી તેમને ગણેશનાથજીનાં દર્શન કરવાનું મન થયું. તેઓ ગણેશનાથના દર્શન કરી ખુશ થઈ ગયા. ભજન સાંભળી એટલા રાજી થયા કે પગે પડ્યા અને કહેવા લાગ્યા, 'મહારાજ ! એક વાર મારા નિવાસસ્થાને પધારો !'

ગણેશનાથજીએ ઘણી આનાકાની કરી, પણ શિવાજીએ વાત ના માની. કહ્યું, 'એકવાર તો તમારે તમારા ચરણકમળની રજથી મારું નિવાસસ્થાન પવિત્ર કરવું જ પડશે.' ગણેશનાથજી તૈયાર થયા. શિવાજીએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું. તેમની પાસે ઘણાંબધાં ભજન સાંભળ્યાં.

રાતના સેવકોને કહ્યું, 'તમે મને મહારાજ કહો છો, પણ સાચા મહારાજ તો ગણેશનાથજી જ છે. એટલે એમનો બંદોબસ્ત ખરેખરો કરજો.'

રાતના ગણેશનાથનો સૂવાનો સમય થયો. તેઓ શયનખંડમાં પધાર્યા. આહ ! જે પલંગ તેમને માટે હતો એ રાજાઓથી પણ ચઢિયાતો હતો, રેશમી તળાઈઓ, સુંવાળાં ઓશીકાં, ઝાલરવાળી ચાદરો, આજુબાજુ મહેકતાં ફૂલ.

શિવાજી કહે, 'મહારાજ ! આશા રાખું કે આપને જરૂર નિરાંતની ઊંઘ આવશે.' એમ કહી તેઓ તો ગયા.

સવારે વહેલા શિવાજી જાતે જ ગણેશનાથજીની સેવામાં હાજર થઈ ગયા. પૂછ્યું, 'ઊંઘ તો આવી હતી ને મહારાજ ?'

'ખૂબ મજેથી.' ગણેશનાથજીએ કહ્યું.

પણ અંદર જઈ શિવાજીએ જોયું તો તાજજુબી પામી ગયા. પેલી પુષ્પશય્યામાં પુષ્પોને બદલે કાંકરા, પથરા અને કાંટાઓ હતા. બહાર આવીને તેમણે ભક્તને પૂછ્યું, 'શું આપે આ રીતે શયન કર્યું હતું ?'

હસીને ગણેશનાથજી કહે : 'હા શિવાજી ! હું એ જ રીતે શયન કરું છું.'

'કારણ ?'

'કારણ એટલું જ કે એકવાર સુખની આદત પડી જાય પછી માનવી નાજુક બની જાય છે. દુઃખની સહનશક્તિ માટે તે નકામો બની જાય છે. માનવીએ સુખ અને દુઃખ વહેંચીને જીવન જીવવાનું છે. માત્ર સુખનો જ વિચાર કર્યા કરીએ અને સુખ જ ભોગવ્યા કરીએ તો પછી દુઃખ વખતે ભાંગી પડીએ છીએ. અરે, નાનું સરખું દુઃખ પણ સહન થતું નથી. એટલે જ જ્યારે સુખ મળે ત્યારે દુઃખની સાથે તેનું મિશ્રણ કરીને જ તેનો લાભ લેવાનો !'

તેમણે આગળ કહ્યું, 'શિવાજી ! સાદાઈ જેવું જીવન બીજું એકે નહિ, જે કાયમ મને બધી જગાએ મળી શકે તેમ છે. એ જ જીવનથી ટેવાવું જોઈએ. જેનો લાભ આપણને મળે અને બીજાઓ જેનાથી વંચિત રહી જાય એ સુખ પણ સ્વાર્થનો જ એક પ્રકાર છે. એ સુખ સુખ નથી, એટલેસ્તો હું જંગલમાં રહેવું પસંદ કરું છું.'

'તમે સાચે જ મહાત્મા છો.' શિવાજીએ કહ્યું.

પણ મહાત્મા એ ખ્યાતિ સાંભળવા રોકાયા નહિ. પોતાની ખ્યાતિ સાંભળવા ઊભા રહે તો પછી તે મહાત્મા શાના ?

શાંતિ અને સંતોષ

ભગવાન વિષ્ણુએ એક વખત જાહેરાત કરી, 'જેને જે જોઈએ તે માગી લો.'

વિષ્ણુને બારણે માણસોની કતાર જામી ગઈ. બધાં પોતાને જોઈતી વસ્તુઓ માગવા લાગ્યા. કોઈ પૈસા, કોઈ પુત્ર, કોઈ સુખ, કોઈ દવા, કોઈ ઊંઘ, કોઈ આરામ, કોઈ નિરાંત, કોઈ નોકરી, કોઈ પદ, કોઈ પદવી, કોઈ સ્થાન, કોઈ સફળતા ! ભગવાન વિષ્ણુ બધાંને આપતા જ રહ્યા. જેને જે જોઈએ તે મળવા લાગ્યું. ભગવાનની બાજુમાં જ લક્ષ્મીજી બેઠાં હતાં. તેમને ચિંતા થઈ. તેમણે ભગવાનનો હાથ પકડ્યો અને બોલ્યા, 'આમ બધાંને બધું આપી દેશો તો વૈકુંઠ ખાલી થઈ જશે.'

હસીને ભગવાન કહે, 'નહિ થાય દેવી, વૈકુંઠ ખાલી નહિ થાય. કેમ કે આ માણસો માંગવા જેવી વસ્તુ તો માગતા જ નથી. અને એ વસ્તુઓ જ્યાં સુધી આપણી પાસે રહેશે ત્યાં સુધી આપણને કોઈ જ તકલીફ નહિ પડે.'

દેવી લક્ષ્મીએ પૂછ્યું, 'કઈ છે એ વસ્તુઓ?'

હસીને ભગવાન કહે, 'શાંતિ અને સંતોષ.'

પછી એ જ રીતે હસીને જણાવ્યું, 'માનવજાત બધું માંગે છે, પણ બે જ વસ્તુઓ માગતા નથી, અને એ બે વસ્તુ સિવાયની બીજી બધી વસ્તુઓ નકામી છે. શાંતિ અને સંતોષ એ બંને પૂર્ણવિરામ છે. એ સિવાયનાં બધાં સુખ અલ્પવિરામ છે. એકડા વગરનાં મીંડાં જ કહો ને દેવી ! આપણી પાસે વૈકુંઠમાં એ બે વસ્તુ છે અને એટલે જ આપણે એને વૈકુંઠ કહીએ છીએ.'

જીવનનું રહસ્ય સાંભળી લક્ષ્મીજી પણ મરક મરક હસી રહ્યાં.

મારે સ્નાન કરવું છે

એક ભાઈ દરિયામાં સ્નાન કરવા ગયા. પણ દરિયામાં તરતાં આવડતું ન હતું. ઊછળતાં મોજાંઓનો ડર પણ ખરો. એ તો કિનારે બેઠા એટલે બેઠા. તેને આ રીતે દિવસભર બેઠેલો જોઈ એક સહેલાણીએ પૂછ્યું, 'તમે અહીં સવારથી બેઠા છો?'

'હા. મારે સ્નાન કરવું છે.'

'અરે, સ્નાન કરવું હોય તો ઝંપલાવો. દરિયો તમને આમંત્રણ આપે છે.'

પેલો ભાઈ કહે, 'જુઓ, એમ હું નહિ ઝંપલાવું. હું તો દરિયાનાં મોજાં શાંત થશે પછી જ ઝંપલાવીશ. હું એ મોજાં શાંત થાય તેની રાહ જોઈ રહ્યો છું.'

પેલા સહેલાણી બોલી ઊઠ્યા, નાહી રહ્યા ત્યારે તો તમે!'

જિંદગીમાં ચિંતા-ઉપાધિ, તકલીફ-મુસીબત વગેરેનાં મોજાંઓ તો આવ્યા જ કરવાનાં, એ દૂર થાય પછી તમે તમારું કર્તવ્ય બજાવવા માગતા હો, ભગવાનને આરાધવા માગતા હો કે સારા કામ કરવા માગતા હો.. તો તો થઈ રહ્યું આપનું કામ ! જેમ દરિયામાં મોજાં શાંત થતા નથી, એમ જિંદગીભર નવરાશ મળતી નથી-હરિભજનનો અવસર આવતો નથી. આપણે તો ઊછળતા મોજાંઓમાં જ સ્નાન કરી લેવાનું છે. જીવનની એ બધી ઉપાધિઓ વચ્ચમાં જ જીવવાનું છે. સ્નાન કરવું હોય તો કરો, નહિ તો બેસી રહો અંતકાળ સુધી દરિયાને કિનારે.

ધન અને મનનો રણકાર

ઘણા વર્ષો પછી બે મિત્રો રસ્તામાં મળી ગયા. ધનવાન મિત્રએ તેની આલીશાન ગાડી પાર્ક કરી અને ગરીબ મિત્રને કહ્યું, 'ચાલ, આ ગાર્ડનમાં થોડી વાર બેસીએ.'

ચાલતાં ચાલતાં ધનવાન મિત્રએ ગરીબ મિત્રને કહ્યું, 'તારા અને મારામાં ઘણો ફર્ક રહી ગયો. હું અને તું સાથે જ ભણ્યા, મોટા થયા પણ હું ક્યાં પહોચ્યો અને તું ત્યાં જ રહી ગયો.'

ચાલતાં ચાલતાં ગરીબ મિત્ર અચાનક ઉભો રહી ગયો. ધનવાન મિત્રએ પૂછ્યું, 'શું થયું?'

ગરીબ મિત્રએ કહ્યું, 'તેં કોઈ અવાજ સાંભળ્યો?'

ધનવાન મિત્રએ પાછળ ફરીને જોયું અને પાંચનો સિક્કો ઉઠાવ્યો ને બોલ્યો, 'આ તો મારા બિસ્સામાંથી પડેલા પાંચના સિક્કાનો રણકાર હતો.'

ગરીબ મિત્ર બાજુના એક ઝાંટાળા નાના છોડ તરફ ગયો, જેમાં એક પતંગિયું ફસાયું હતું. જે બહાર નીકળવા પાંખો ફફડાવતું હતું.ગરીબ મિત્રએ તેને હળવેથી બહાર કાઢ્યું અને આકાશમાં મુક્ત કરી દીધું.

ધનવાન મિત્રએ આતુરતાથી પૂછ્યું, 'તને પતંગિયાનો અવાજ કેવી રીતે સંભળાયો?'

ગરીબ મિત્રએ નમ્રતાથી કહ્યું, 'તારામાં અને મારામાં આજ ફર્ક રહી ગયો, તને 'ધન'નો રણકાર સંભળાય છે અને મને 'મન'નો રણકાર સંભળાય છે.'

*****

લખેલા શબ્દોની કિંમત કેટલી..?
વાંચનારની સમજણ જેટલી..!

તાકાત શબ્દોમાં હોવી જોઈએ, અવાજમાં નહીં..
બેતી વરસાદથી ઊગે છે, પુરથી નહીં...

વચનામૃત એક દિવ્ય અનુભૂતિ !

- હરદાસભાઈ સાવલિયા

દૃઢ સંકલ્પ, દૃઢ મનોબળ, અપાર શ્રદ્ધાના બળે માનવી પુરાણકાળના જંગલિયાતપણામાંથી ભટકતો, વિજ્ઞાનના સંશોધન-સંસ્કારથી અનેક રીતે પ્રગતિ કરીને નીતનવા ઈતિહાસ રચતો રહ્યો છે અને જીવનનો માર્ગ પ્રફુલ્લિત કરતો આગળ વધ્યો છે. અનેક ગૂઢ પ્રશ્નોનું મનન-મંથન કરીને આ જગતની ઘણી અજાયબીઓના રહસ્યો મનુષ્યે ખોલી જાણ્યા છે.

ભૌતિક રહસ્યોને ઉદ્‌ઘાટિત કરતો મનુષ્ય લગભગ આધ્યાત્મિક રહસ્યોને પામવા ઉણો ઉતર્યો છે. જે ઉલ્લપ સામાન્ય માણસ પૂરી નથી કરી શક્યો એ ઉલ્લપ મહાપુરુષોના જીવન તથા જીવનવાણીમાંથી પૂરાતી રહી છે. ભારતીય સંસ્કૃતિની એ જ મહાનતા છે કે જ્યાં ભૌતિકતાનો સિમાડો આવે છે, ત્યાંથી જ આધ્યાત્મિકતાની શરૂઆત થાય છે.

આવી અનોખી આધ્યાત્મિકતા ભગવાન શ્રી સ્વામિનારાયણે ખૂબ જ સુગમ કરી આપણને આપી છે. અનેક અજાયબીઓમાં એક અનોખી અજાયબી સ્વરૂપ ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણી 'વચનામૃત' ગ્રંથને નિર્વિવાદપણે સ્થાપિત કરી શકાય એમ છે. વચનામૃતમાં આધ્યાત્મિક પંથના સર્વોચ્ચ અનુભવી એવા શ્રીજી મહારાજનું વ્યક્તિત્વ સ્પષ્ટ રીતે ગવાહીરૂપ છે.

જગતમાં મહાપુરુષોની પ્રેરણાદાયી વાણી હરહંમેશ સરળ, સત્ય અને પોતાના અનુભવ-વ્યક્તિત્વની સ્પષ્ટતા કરતી હોય છે. ઘણીવાર ધર્મગુરુઓ ભારે ભારે શબ્દોનો ઉપયોગ કરી, વાણીવિલાસના આડંબરરૂપ શબ્દોથી સમાજમાં ભ્રમજાળના પડઘા પાડતા હોય છે. વ્યાખ્યાનોમાં પોતાની પ્રતિભાનો ખોટા ડોળ ઉપર રેશમ જેવી ચટાઈ પાથરી, સત્યતાના નવા રંગરોગાન પૂરી પોતાનો વ્યર્થ પ્રયાસ કરતા જોવા મળે છે અને સિદ્ધાંતને અવળા કરી સમાજને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરે છે.

જ્યારે વચનામૃત ગ્રંથમાં શ્રીજી મહારાજ સ્પષ્ટ વાણી ઉચ્ચારે છે. તેમની વાણીમાં નથી કોઈ દંભ કે નથી કોઈ કપટ. તેઓ જે છે તે સાચું કહી દે છે...

- પોતે પોતાના રૂપને જોતો નથી એ જ સર્વ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે અને એ જ ઘેલામાં અતિશય ઘેલો છે અને એ જ મુર્ખમાં અતિશય મુર્ખ છે અને એ જ નીચમાં અતિશય નીચ છે.

- જેને સત્સંગ થયો છે તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે અને કે દહાડે એણે પોતાના સ્વરૂપને જોવાનો આદર કર્યો ને ન દીઠું?

- એ જીવ માયાને આધીન થકો પરવશ થઈને તો સ્વપ્ન અને સુષુપ્ત અવસ્થામાં અંતર્દૃષ્ટિ કરીને જાય છે, પણ પોતે પોતાને જાણે કોઈ દિવસ પોતાના સ્વરૂપને જોવાને અંતર દૃષ્ટિ કરતો નથી.

- જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દૃષ્ટિ કરે છે તે તો પોતાનાં સ્વરૂપને અતિશય ઉજ્જ્વળ, પ્રકાશમાન જુવે છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુવે છે અને નારદ સનકાદિક જેવો સુખિયો પણ થાય છે.

- હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાની આળસે કરીને રહે છે.

દરિયાના ઊંડા પાણીમાં તળિયે પડ્યા સાચા મોતી મરજીવાને મળે, બાકી કાંઠે બેઠાને છીપલા-કાંકરા મળે. કારણ કે એને તરતા આવડતું નથી. તેમ શાસ્ત્રોની ગહનતાની સરળ અને મર્મસ્પર્શી રજુઆત તો સંતો-મહાપુરુષો જ કરી શકે. વેદ, પુરાણ, ગીતા, વચનામૃતમાં રહેલા જ્ઞાનની સરળતા, વિષય-વસ્તુની સ્પષ્ટતા આર્ષદૃષ્ટા મહાપુરુષો દ્વારા જ થાય છે. કારણ કે તેમની પાસે જ્ઞાનની સ્પષ્ટતા સાથે અનુભવની આંખો હોય છે.

અનુભવની આંખોથી જોતા શ્રીજી મહારાજ કેટલીક પ્રાયોગિક વાતો કરે છે. જેનાથી સાધનામાર્ગ સરળતાથી સિદ્ધિ તરફ વળે છે.

શ્રીજી મહારાજ કહે છે : પોતાના કલ્યાણને અર્થે જતન કરે તેને કુશાગ્ર બુદ્ધિવાળો જાણવો.

- તેમજ મૃદંગ, સારંગી, સરોદ, તાલ ઈત્યાદિક વાજિંત્રને વગાડીને કીર્તન ગાવવા તેને વિષે જો ભગવાનની સ્મૃતિ ન રહે તો એ ગાયું તે ન ગાયાં જેવું છે. અને

ભગવાનને વિસારીને તો જગતમાં કેટલાક જીવ ગાય છે તથા વાજિંત્ર વગાડે છે, પણ તેણે કરીને તેના મનમાં શાંતિ આવતી નથી.

- ભગવાનના કીર્તન ગાવવાં તથા નામ-રટણ કરવું તથા નારાયણ-ધુન્ય કરવી ઇત્યાદિક જે જે કરવું તે ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું.

- હાલતા, ચાલતા, ખાતા-પીતા સર્વ ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો.

- સાવધાન થઈને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ ભગવાનના ભક્તને કરવો.

આ રીતે શ્રીજી મહારાજના ઉપદેશમાં દેખાતી આવી કેટલીક સ્પષ્ટતા તેમના અનુભવી વ્યક્તિત્વને છતું કરે છે.

★ ★ ★

શ્રીજી મહારાજ વિચારશીલ હતા. તેમના એ વિચારો બુદ્ધિ કે કલ્પનાના વ્યાયામથી ઉદ્‌ભવેલા ન હતા. એ વિચારો તેમના અનુભવામૃતના અમૃતબિંદુઓ છે. જેમ ફૂલમાં સુગંધ સાથે મીઠાશ પણ છે, જેને મધમાખીઓ જ શોધી-ઓળખી શકે, તેમ શ્રીજી મહારાજ વચનામૃત ગ. અન્ય પ્રકરણ ૩૯માં સમજાવતા કહે છે કે, "આ વાતને અમે કરીએ છીએ તે કોઈ બુદ્ધિની કલ્પનાએ નથી કરતા. તેથી સિદ્ધાઈ જણાવવા સારું નથી કરતાં; આ તો અમારી અજમાવેલ વાત છે."

વચનામૃત ગ. મધ્ય. પ્રકરણ ૬૦માં મુક્તાનંદ સ્વામીએ પૂછેલ પ્રશ્નનો ઉત્તર આપતા મહારાજ કહે છે, "એનો ઉત્તર તો જેમ અમને વર્તાય છે તેમ કહીએ છીએ જે...." આ ઉપરથી પણ ખ્યાલ આવે છે કે તેઓની કલ્પના 'કાગજ કી લેખી' નહીં પરંતુ 'નયન કી દેખી' પોતાના અનુભવની છે. તેમના પ્રત્યેક વાક્યે અનુભવનો રસ ટપકે છે.

ચુસ્ત ગાંધીવાદી વિચારશીલ મશરૂવાલા આ વિશે તેમની નોંધમાં લખે છે કે, 'વચનામૃતમાં કહેનારાનો સ્વાનુભવ પળે પળે પ્રગટ થાય છે. જે વાત અનુભવમાં ન આવે તે કદાપિ તેઓ સ્વીકારતા નથી.'

આધ્યાત્મિક માર્ગમાં ભગવાનની ભક્તિ-ઉપાસનાથી જ સર્વે સાધન સિદ્ધ થાય છે એ વિષે નરસિંહ મહેતાએ પણ ગાયું છે, "ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાહી રે." પરંતુ જગતમાં એવા કેટલાક આધુનિકતા અને પ્રગતિના બણગા ફૂંકનારા વેદાંતીઓ છે જે ભક્તિનું ખંડન કરીને કેવળ વિચારથી આત્મસાક્ષાત્કાર કરવા મથે છે. આ વાતને નિરર્થક ગણીને તેને વખોડતા શ્રીજી મહારાજ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૬ માં કહે છે -

"ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા-બ્રહ્મ દેખાય જ નહિ. તે ગમે તેટલું જતન કરે, તો પણ ન દેખાય અને નિર્બીજ એવા જે સાંખ્ય ને યોગ તેણે કરીને જે આત્માનું દર્શન શાસ્ત્રમાં કહ્યું છે તે ભલે કહ્યું, પણ અમે એવો કોઈ દીઠો નથી ને અનુભવમાં પણ એ વાતો મળતી આવતી નથી. માટે એ વાર્તા ખોટી છે."

આ પરથી સમજી શકાય છે કે મહારાજની વાણી એ કોઈ નભોવાણી કે વિચાર મંથનથી ઉપજેલી નથી, પણ અનુભવસિદ્ધની પોલાદી નક્કરતાથી સજ્જ છે. જે વચ. ગઢડા મધ્ય ૧ ૩માં પોતે ચોખવટ કરતા કહે છે...

"આ મારે કરવી છે તે વાત કાંઈ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટપ વધારવા સારું નથી કરવી. આ જે વાત છે તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે. અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે. અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કરીએ છીએ. અને જો પ્રત્યક્ષ જોઈને ન કહીએ તો અમને સર્વ પરમહંસના સમ છે."

શ્રીજી મહારાજે તેમનું શ્રેષ્ઠ સત્ય પ્રમાણ આપી અનુભવની વાણીની ચોખવટે સાબિતી આપી. તેના માટે આથી શ્રેષ્ઠ બીજું પ્રમાણ કયું હોય ?!

આ વચનામૃત ભગવાન શ્રી સ્વામિનારાયણની શ્રીમુખ વાણી જે, સાધના જીવન માટે ખૂબ ઉપયોગી છે. જે સાચો સાધક છે અને જેને ભગવાનને થોડા પ્રયત્ને રાજી કરવા છે એના માટે વચનામૃત જેવું માર્ગદર્શન બીજું

અનુસંધાન પાના નં. ૧૧ ઉપર

ગુરુભક્તિ

- રમણીકભાઇ રૂપારેલીયા

એકલવ્યની ગુરુભક્તિ અને શ્રવણકુમારની માતૃ-પિતૃ ભક્તિથી તો આપણે પરિચિત છીએ. તેમાં એક પરિમાણ ઉમેરાય છે ઉપમન્યુની ગુરુભક્તિથી. આમ તો બધા શિષ્યોને પોતાના ગુરુ પ્રત્યે અનોખી ભક્તિ હોય જ, તો પણ ઉપમન્યુની ભક્તિ તો સર્વોચ્ચ કહી શકાય તેમ છે.

જ્ઞાન, તપ અને ઉદારતામાં અજોડ એવા ધૌમ્ય નામના એક મહર્ષિ હતા. નાળિયેરની જેમ ઉપરથી ખૂબ કઠોર જણાતા આ મહર્ષિ પોતાના શિષ્યો ઉપર અંતરથી ખૂબ જ વહાલ-વાત્સલ્ય રાખતા. તેમના શિષ્યવૃંદમાં ઉપમન્યુ નામનો એક શિષ્ય હતો. શિષ્યોને કામની વહેંચણીમાં ઉપમન્યુને આશ્રમની ગાયો ચરાવવાનું કામ સોંપાયું. સૌ શિષ્યો પોતપોતાની ફરજ નિષ્ઠાપૂર્વક યથાર્થ રીતે નિભાવતા.

ઉપમન્યુ પોતાને સોંપાયેલી સેવા મુજબ દરરોજ સવારે આશ્રમની ગાયો ચરાવવા વનમાં જાય ને આખો દિવસ વગડામાં વિતાવે. સાંજે ગાયો સાથે આશ્રમમાં પાછો ફરે. આ એમનો નિત્યક્રમ. એકવાર ઉપમન્યુને પાસે બોલાવીને ગુરુએ પૂછ્યું, "બેટા ! આજકાલ તું શું ખાય છે ? આશ્રમમાંથી તો તને કશું ખાવાનું અપાતું નથી, છતાં તું તો હૃષ્ટપુષ્ટ-તગડો થતો જાય છે !"

"ભિક્ષામાં જે કંઈ મળે તે અન્નથી હું મારું પેટ ભરું છું." ઉપમન્યુએ ઉત્તર આપ્યો. ગુરુને એ ન રુચ્યું; તેમણે ઉપમન્યુને કહ્યું, "વત્સ ! આશ્રમમાં રહેતા બ્રહ્મચારી વિદ્યાર્થીએ ગુરુને નિવેદિત કર્યા વિના કંઈપણ ખવાય નહિ અને ભિક્ષાન્નમાંથી પણ ગુરુ જે કંઈ અન્ન શિષ્યને આપે એ જ શિષ્યથી ખવાય."

'गुरोराज्ञा हि अविचारणीया' ગુરુ કે વડીલોની આજ્ઞામાં શિષ્યે કે પાલ્યવર્ગે કંઈ વિચાર કરવાનો હોતો જ નથી. એમની આજ્ઞાનો અમલ જ કરવાનો હોય છે. ઉપમન્યુ ગુરુ આપોદધૌમ્યની આજ્ઞા પ્રમાણે તેમ કરવા લાગ્યો. અર્થાત્ ભિક્ષાન્નનો પણ ત્યાગ કર્યો. ગુરુજી પણ શિષ્ય પાસેથી બધું જ ભિક્ષાન્ન લઈ લેતા. ઉપમન્યુને કંઈપણ અન્ન આપતા નહિ.

થોડા દિવસ પછી ગુરુએ શિષ્યને તેવો ને તેવો તગડો જોયો. એમના મનમાં શંકા ગઈ, કાંઈ ખાવાનું ન આપતા હોવા છતાં એનું શરીર તો પહેલા જેવું જ તગડું ને હૃષ્ટપુષ્ટ છે. તેથી ગુરુએ પૂછ્યું, "ઉપમન્યુ ! તારો નિર્વાહ શાથી ચાલે છે ? તું તો પહેલા જેવો ખૂબ હૃષ્ટપુષ્ટ છો."

"એકવાર ભિક્ષામાં મળેલું અન્ન આપને નિવેદિત કરી, મારા માટે હું ફરીથી ભિક્ષાર્થે જાવ છું." ઉપમન્યુએ પ્રત્યુત્તર આપ્યો.

ગુરુએ ફરી ટકોર કરી, "એક જ દિવસમાં બે વખત ભિક્ષા માગવા જવું એ તો ધર્મવિરુદ્ધ છે. એમ કરવાથી તો ગૃહસ્થો ઉપર વધુ બોજ પડે અને અન્ય ભિક્ષુકો માટે પણ ભિક્ષા આપવામાં સંકોચ અનુભવે. માટે હવે પછી તારે આમ ન કરવું." ઉપમન્યુએ ગુરુની આજ્ઞા શિરે ચડાવી.

ત્યારબાદ કેટલાક દિવસો વીત્યા. ઉપમન્યુના શરીર સ્વાસ્થ્યમાં જરાપણ ઊણપ ન જોઈ ગુરુ આપોદધૌમ્યે પહેલાની જેમ જ પૂછ્યું, ત્યારે 'હું ગાયોનું દૂધ પીઉં છું' એમ શિષ્યે કહ્યું. આજ્ઞાપાલક શિષ્યે પોતાના ઉદરપોષણ માટે નવો જ ઉપાય શોધી કાઢ્યો હતો એ જાણી ગુરુએ કહ્યું, "બેટા ! તારું આ આચરણ વ્યાજબી નથી, જેમની ગાયો છે તેમનો જ ગાયોના દૂધ ઉપર અધિકાર છે. આથી મારી આજ્ઞા વિના તારે દૂધ ન પીવાય." આથી ઉપમન્યુએ ગાયનું દૂધ પીવાનું પણ છોડી દીધું.

કંઈપણ ખાવા-પીવાનું ન મળતા ખૂબ ભૂખથી પીડાયેલા ઉપમન્યુએ એકવાર તો વનમાં આંકડાના પાન ખાઈ પોતાની ભૂખ સંતોષી. પણ આંકડાના ઝેરી દૂધથી તેના બંનેને નેત્રોની દૃષ્ટિ લુપ્ત થઈ ગઈ. અંધાપો આવ્યો. અંધાપો પામેલો તે દરરોજના ક્રમ પ્રમાણે સાંજે ગાયોના પદધ્વનિને સહારે ગાયોની પાછળ પાછળ પાછો આશ્રમે પહોંચતો. એકવાર રસ્તામાં તે પાણી વિનાના ખૂબ ઊંડા કૂવામાં પડી ગયો. પરિણામે સાંજે ગાયો તો આશ્રમમાં પાછી ફરી, પણ ઉપમન્યુને ન જોતા ગુરુ આપોદધૌમ્ય ચિંતિત થયા ને શિષ્યને શોધવા રાતના અંધારામાં જ નીકળી પડ્યા. ગુરુને પણ શિષ્ય પ્રત્યે કેવી લાગણી !

બધે જ 'બેટા ! ઉપમન્યુ ! તું ક્યાં છો ?' એમ મોટેથી બૂમ પાડતા પાડતા ગુરુ એક કૂવા પાસે આવ્યા ને

કૂવાઆથી આવતો અવાજ સાંભળ્યો. ત્યાં જઈને જોયું તો ઉપમન્યુને કૂવાની અંદર જોયો. તેમણે તેને મહામહેનતે બહાર કાઢ્યો. પછી તો ઉપમન્યુએ પણ બધી જ હકીકત જણાવી. શિષ્યની ગુરુભક્તિથી આપોદધૌમ્ય પોતે પણ ખૂબ પ્રભાવિત થયા. તરત જ ગુરુએ દેવોના બે વૈદ્યો અશ્વિનીકુમારોને સ્તુતિમંત્રો દ્વારા આહ્વાન કરવા ઉપમન્યુને આજ્ઞા આપી. તેમ કરવામાં આવતા તરત જ બંને અશ્વિનીકુમારો ત્યાં કૂવામાં જ પ્રગટ થયા ને ઉપમન્યુને સ્વસ્થ અને દૃષ્ટિસંપન્ન બનાવી ખાવા માટે એક માલપૂડો પણ આપ્યો. ઉપમન્યુએ પણ તે માલપૂડો ગુરુને નિવેદિત કરી તેમની આજ્ઞાથી તે પ્રસાદ લીધો.

ઉપમન્યુની આવી અપ્રતિમ ગુરુભક્તિથી પ્રસન્ન થયેલા બંને અશ્વિનીકુમારોએ તેને આશીર્વાદ આપ્યા કે 'તું બધી જ વિદ્યા થોડા સમયમાં મેળવીશ.' કૂવામાંથી બહાર આવતા ઉપમન્યુ ઉપર ગુરુ આપોદધૌમ્ય ખૂબ જ પ્રસન્ન થયા.

શિષ્યોના વ્યક્તિત્વને વિકસાવવા માટે ગુરુએ શિષ્ય પર એક પછી એક કડક નિયંત્રણ મૂક્યા, પણ ગુરુની આજ્ઞાનું અક્ષરશ: પાલન કરનાર ઉપમન્યુએ પણ નવા નવા ઉપાયો શોધી કાઢ્યા. અંતે આંકડાના ઝેરી દૂધથી પોતાની દૃષ્ટિ ગુમાવી. પણ અંતે દેવોના વૈદ્ય અશ્વિનીકુમારો પાસેથી દૃષ્ટિ અને વિદ્યાપ્રાપ્તિનું વરદાન મેળવી ઉપમન્યુ ગુરુ આપોદધૌમ્યનો પ્રીતિપાત્ર બન્યા. આવી હતી ઉપમન્યુની ગુરુભક્તિ!

*****

અનુસંધાન પાના નં. ૯ ઉપરનું...

કોણ આપી શકે?

જેના દૃષ્ટાંત રૂપે વચનામૃતમા ભક્ત દાદા ખાચરની જ વાત કરીએ તો વચનામૃતના મહારાજે એમને પાને પાને સંભારીને વાત કરે છે

દાદા ખાચરે સઘળું વિસારીને શ્રીહરિનું શરણ લીધું અને મહારાજને ચરણે સર્વસ્વ સમર્પણ કરી દીધું. તની નોંધ લેતા લોયાના ઉજા વચનામૃતમાં શ્રીહરિએ માહાત્મ્યે સહિત ભગવાનનો નિશ્ચય કેવો હોય તથા તેના કેવા લક્ષણ હોય? તે વાત કરતા કહે છે કે, એવા ભગવાન અને સતને અર્થે ધનનો, કુટુંબનો, રાજ્યનો ત્યાગ કરે એવા ભક્તમા દાદા ખાચરન મહારાજ યાદ કરે છે.

શ્રીહરિ દાદા ખાચરની પરીક્ષા લેતા તેમના ગામ-ગરાશ પોતાને નામે કરી દેવા જણાવ્યું. તો દાદાએ કંઈપણ શકા સશય રાખ્યા વગર પોતાનું ધન ધામ ગરાસ વગેરે તરત મહારાજના નામે કરી દીધુ. તે કાર્ય કરી દાદા ખાચરે શ્રીહરિમાં અતૂટ વિશ્વાસ નિષ્ઠા દર્શાવેલ.

વળી મહારાજે કહ્યું, 'તમે ગામ છોડી જતા રહો.' તો પણ પોતે જવા તૈયાર થયા.

પછી મહારાજે પૂછ્યું, 'તમે હવે શું કરશો?'

ત્યારે દાદા કહે, 'હું કારિયાણી જઈને નોકર તરીકે કામ કરીશ.' આવું કરવા કહેવામાં ગામધણી દાદાને જરાય સંકોચ દુ:ખ કે કુળની લાજ શરમ આડી ન આવી. તમણે શ્રીહરિ અને સતોને પોતાનું સમગ્ર જીવન સમર્પણ કર દીધું હતું.

આ લોકમાં ધન ધામ ભગવાનને અર્થે ત્યાગનારા તો ઘણા હોય, પણ પોતાનુ મન ભગવાનને ચરણે સમર્પણ કરવુ એ કઠિન છે. દાદાને તો પ્રભુની મરજી તે પોતાની મરજી. તેઓ પોતાના કુટુંબ સહિત શ્રીહરિના શરણે સમર્પિત થઈ ગયા હતા.

શ્રીહરિ વચનામૃત ગઢડા અંત્યના ૨૬માં કહે છે, "પ્રકૃતિ જે જાવી તે જીવને બહુ જ કઠણ છે તથાપિ જો સત્સગમા સ્વાર્થ જણાય તો પ્રકૃતિ ટળવી કઠણ ન પડે જેમ દાદા ખાચરના ઘરના માણસોને અમને રાખવાનો સ્વાર્થ છે તો અમને જે પ્રકૃતિ ન ગમે તે રાખતા નથી, તેમ સ્વાર્થે કરીને પ્રકૃતિ ટળે છે." આ જ વચનામૃતમાં મહારાજ કહે છે, "દાદા ખાચરને વિશ્વાસનું અંગ છે."

વચનામૃત ગઢડા પ્રથમના ૭૪માં શ્રીહરિ દાદા ખાચરનો ઉલ્લેખ કરે છે કે, "જેને જેટલો વૈરાગ્ય હોય અને જેને જેટલી સમજણ હોય ને તો જ્યારે કોઈક વિષયભોગની પ્રાપ્તિ થાય અથવા જ્યારે કોઈક આપત્કાળ આવી પડે ત્યારે કળાય પણ તે વિના કળાય નહિ. અને ઝાઝી સંપત્ત કે આપત્ આવે એની વાત શી કહેવી? પણ આ દાદાખાચરને થાડુ જ આપાત્કાળ જેવુ આવ્યું હતુ, તેમાં પણ જેનુ અંત:કરણ જેવુ હશે તેવુ સૌને જણાણુ હશે."

સતયુગમાં જે ચરિત્રો સંભવે તેવા દિવ્ય અને માનુષી ચરિત્રો કરી કપરી કસોટી શ્રીહરિ કરતા, પણ દાદાને શ્રીહરિમાં પ્રેમ, વિશ્વાસ, નિષ્ઠા જરાય ઓછા થતા ન હતા.

આ રીતે વચનામૃત ગ્રંથ સર્વોપરી છે, જેમાં દરેકને પોતાના અંગ પ્રમાણે સાધન પ્રાપ્ત થઈ રહે છે. આ ગ્રંથનો જેટલો અભ્યાસ સાધકની માફક કરીશુ એટલો જ દિવસે દિવસે લાભ થતો જણાશે.

*****

Air

- Maulik Unadkat

Once a young man asked Socrates to share 'the secret to success'. Socrates asked him to meet him near the river the next morning for the answer

Socrates held the young man's hand, walked him into the river, till they were neck deep into water and then to his surprise Socrates ducked the young man into the water

The young man panicked and struggled to get out of the water, but Socrates' hold was so strong that it kept him in there. When he started turning blue, Socrates pulled his head out of the water As the young man came out, he shouted, "Are you out of your mind. I could have died." Socrates told the young man, "Sorry, you will never succeed."

The young man was disheartened and disappointed. He stood there stoned, trying to figure out what wrong he did. While he was pondering, Socrates pushed him into the water once again. This time around he had strong faith that Socrates would pull him out when he would turn blue So he stayed still in there, with no sign of panic As he turned blue, Socrates yet again, pulled him out.

The young man gasped and took a deep breath of air. Socrates said, "Now you have some chance to succeed There are 2 secrets to success young man But before I share them, answer this " Socrates asked, 'What did you want the most when your head was in the water?" The young man replied, "Air"

Socrates said, "Now the first secret to success is - When you want success as badly as you wanted the air while you were in the water then you shall get it "

The second secret is reminding yourself That Life will every now and then duck you into water. It gets breathless out there but you need to have faith that HE, the almighty is standing right next to you, holding your head and HE shall pull you out if you turn blue. HAVE FAITH. If you do not panic, hold your nerves in that breathless phase, success is all yours But if you panic and lose faith, you shall never succeed

A burning desire is the starting point of all accomplishment A burning desire can spark a fire But a burning desire without faith ignites a small little weak fire that cannot last any storm. A BURNING DESIRE WITH FAITH is what will ignite a fire in you that can last all storms

Before we begin this new year, let us sit back and ask ourselves - What am I here for? How would I like my life story to read? What am I born for? If this was my last year on earth, what would I like to spend most of my time on? Once we have defined this meaning and purpose of our life, let us make 2 promises, 2 new year resolutions

1. To strive for our desires like we strive for air while drowning in water
2. To have faith, that when life ducks us in water, God is holding our head and we need not panic. If we turn blue, God shall pull us out. We just have to hold our nerves when in pressure and have that burning desire keep us going.

May we all live fuller, happier and meaningful, purposeful lives in this new year Happy 2019

*****

Swaminarayan Charitgatha

Venturing the Dark Caves

- Sweta Thakkar

Having completed the difficult pilgrimage to Badrinath and Mansarovar, Ghanshyam took the way to the famous and ancient pilgrimage Pulhashram. The way to Pulhashram is also arduous. A narrow mountain pass emerged from the low valley that lay between the uphill mountains of the Himalayas. There were tall, sky-high mountains on both the sides of the mountain pass

Ghanshyam continued his journey by crossing several mountain passes. Then, a high mountain stood in front of him. The stream of water, flowing from the the mountain cave was pouring down on the earth in form of a waterfall. The mountain pass ended at this juncture. There was no way ahead

Ghanshyam stood there looking at the beautiful waterfall and started searching for the way to move further, but he couldn't find any way

The sun started setting in the west, yet returning back, was not in Ghanshyam's nature.

All of a sudden, an enlightened person appeared before Ghanshyam and saluted him. Ghanshyam too bowed down in supplication

The stranger asked, "Oh, child ascetic! What are you doing here in this dense forest all alone?"

Ghanshyam said, "I am going to Pulhashram but unable to find the way. Could you please direct me to the right path?"

The stranger smiled mildly and said, "Oh Varuraj! There's a way, but it's very difficult! How will you manage this back-breaking journey in such a thin body?"

Ghanshyam said, "Show me the way first, then I'll see how to proceed."

The man said, "Look there, Oh child ascetic! Water is pouring from the opposite cave That cave is very long When you will pass through this cave, you'll reach the other side of the mountain and just opposite to that you'll find the way that connects to Pulhashram."

Ghanshyam said, "Oh great being! You were so kind to show the path, Now I'll follow the same route." Ghanshyam had a great courage to face difficult situations in life The

stranger was extremely surprised to see the courage of this child ascetic

Before proceeding towards the way suggested by the stranger, Ghanshyam bowed before him and asked, "Oh great being! Please introduce yourself."

The stranger smiled mildly and said, "Oh child ascetic, nothing is unknown to you, still I'll speak... I am the divine soul Himalaya." Saying so, the stranger disappeared from the sight of Ghanshyam

Although it's beyond our imagination, this entire universe is made up of 'matter and life' The Indian texts state that life exists not only in trees and creepers but also in the mountains. The consciousness of mountains is in the dormant state

Indian sages have called the Himalayas as Devatma- the soul of God. The great poet Kalidas writes in his Raghuvansham,

'अस्त्युत्तरस्यां दिशि देवतात्मा हिमालयो नाम नगाधिराजः।'

Himalaya is the king of all the mountains and indeed a form of God

Himalaya, the king of all the mountains is the place of penance of Lord Shree Narnarayan; it is the residence of Lord Shiva; and the place where Uma Jagdamba Parvati ji incarnated, it's the place where Gods rejoice; it's the land of great accomplished ones, it's the place of penance for the ascetics, and the origin of many divine rivers like the Ganga

There are many tales associated with the Himalayas, the king of all the mountains

With firm determination to take the path directed by the king of mountains, Ghanshyam slowly and steadily took his steps towards the towering mountain and climbed it to reach the mouth of the cave to enter it. At the same time, the chariot of Lord Suryanarayan also descended to the west

It was a dark cave, stream of water gushed from the opposite direction, the water of the stream was as cold as ice, there were innumerous marine lives in the water Where was the water deep? Or was it shallow? Nothing could be estimated. How wide was the cave? How narrow? How much high? How much low? It's measure couldn't be predicted!

With full determination, the twelve year old Ghanshyam was slowly stepping cautiously against the the stream of water. Ghanshyam trod against this opposing force for several days. There could be no prediction regarding the passage of time in the dark cave. This journey of Ghanshyam was indeed courageous, breathtaking and exhilarating!

At last, Ghanshyam saw the light emerging from the farther end of the cave Ghanshyam had now reached the opposite side of the cave! The sun was rising in the morning sky The time of sunrise and sunset is uniquely divine in this land of the Himalayas The golden rays of the Sun God were falling on the land of Himalayas It seemed like the Suryanarayan had spread golden flowers on the way to welcome Ghanshyam. The king of mountains bathing in the gentle rays of the morning sun looked as beautiful as the golden Sumeru (the king of mountains) The morning sunrise was witness to the fact that Ghanshyam had walked in the dark caves throughout the whole night.

There was a vast lake at the mouth of the cave. The water overflowing from the lake entered the cave and gushed down in the form of a waterfall at its other end.

Ghanshyam completed his morning ablutions by taking bath in the cold water of the lake. Atmanivedi Ghanshyam performed Sandhya, gathered some fruits, served it to the God and had prasad.

*****



સમાચાર દર્શન

ગુરુકુલ પરિવારનું સ્નેહમિલન

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ SGVP ખાતે તારીખ ૩૦, ડીસેમ્બરના રોજ પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાન્નિધ્યમાં ગુરુકુલ પરિવારનુ ભવ્ય સ્નેહમિલન યોજાયું જમાં દેશ વિદેશમાં વસતા ગુરુકુલ પરિવારના ભાઈ બહેનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

સવારે ૯ થી સાંજે ૬ કલાક દરમિયાન યોજાયેલ આ સ્નેહમિલનનો પ્રારંભ ભગવાન શ્રીહરિ તથા સદ્‌ગુરુ સંતોના પૂજનથી થયો હતો. સતોના અરસ પરસ મિલન પૂજનના દર્શન કરી પરિવારજનો ભાવવિભોર થયા હતા. પ્રારંભે ગુરુકુલ દ્વારા થતી સેવા-પ્રવૃત્તિઓ, ઉત્સ-સમૈયાના વાર્ષિક અહેવાલના દર્શનની સાથે યુવાન સંતો શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામી, શાસ્ત્રી શ્રી ભક્તવત્સલદાસજી સ્વામી, શાસ્ત્રી શ્રી ભક્તિવેદાંતદાસજી સ્વામી વગેરે યુવાન સંતોએ ગરવી ગુણાતીત પરંપરામાં પ્રાતઃ સ્મરણીય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય જોગી સ્વામી વગેરે સતોના ભવ્ય વારસાને દિપાવવા સ્મરણ, સેવા, સમર્પણ, સ્નેહ, સદાચાર અને સત્સંગ રૂપી છ અંગોને જીવનનો આધાર બનાવવાની પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત કેન્દ્રિય મત્રી શ્રી પરૂશોત્તમભાઈ રુપાલાએ રાષ્ટ્રની નીતિમા સતોનો મહત્વનો ફાળાને બિરદાવી પોતાની હાસ્યસભર હળવી શૈલીમાં મહાભારત અને રામાયણના દ્રષ્ટાંતો સાથે પારિવારિક જીવનને સુદ્રઢ બનાવવાના ઉપાયો વર્ણવ્યા હતા. તેમજ હાસ્ય કલાકાર શ્રી જગદીશ ત્રિવેદીએ હાસ્યસભર શૈલીમાં સફળ જીવનના સોનેરી સૂત્રો આપ્યા હતા.

આ પ્રસગે પૂજ્ય સ્વામીજીએ ગુરુકુલ પરિવારના ભક્તજનોન પ્રેરણાત્મક વાતો કરતા જણાવ્યુ હતુ કે, માનવજીવન ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થને સિદ્ધ કરવા માટે છે. નવા વર્ષનો નવો સૂરજ આપણને એ ચારેય પુરુષાર્થને પ્રાપ્ત કરવા માટે નવી ઉર્જા, નવું સાહસ અને સમજણ સાથે ભગવાન શ્રીહરિ, સતો અને સંસ્થા પ્રત્યે હૃદય ભક્તિભીનુ બને એ જ આ સ્નેહમિલનનો ઉદ્દેશ છે

મોટી સંખ્યામાં ઉપસ્થિત પરિવારજનોને પ્રેરણા આપતા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ ગુરુકુલના કાર્ય અને સંતોના દાખડા અંગેની પ્રેરણાદાયી વાતો કરી હતી. તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીએ ઉપસ્થિત ભક્તજનોને મંગલ આશીર્વાદ પાઠવ્યા હતા.

ધનુર્માસ

અમદાવાદ ગુરુકુલ : ધનુમાસ એટલે ભજન-ભક્તિ, દાન તપ, કથાશ્રવણ જેવી સાધના કરવાની પવિત્ર મહિનો. દક્ષિણાયન કહેતા મન, બુદ્ધિ, ચિત્તમાં રહેલા દોષોને દૂર કરી ઉત્તરાયણમા પ્રવેશવાનો સમય એટલે જ ધનુર્માસ. આપણા શાસ્ત્રોમાં આ મહિનામાં કથા શ્રવણનો ઘણો મહિમા કહ્યો છે ત્યારે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે ધનુર્માસમા દરરોજ સવારે કથાશ્રવણનુ આયોજન કરવામાં આવ્યું હતુ, જેમા પાર્ષદવર્ય શામજી ભગતે વચનામૃત ઉપર તથા પ્રસંગોપાત સદ્‌ગુરુ સંતોએ કથાશ્રવણનો લાભ આપ્યો હતો.

SGVP : છારોડી ગુરુકુલમાં સહજાનદમ્ ખાતે સંતો તથા ઋષિકુમારોની સભામા અભ્યાસ કરનારા સત. તથા ઋષિકુમારોએ વિવિધ વિષયો ઉપર કથાવાર્તાનો લાભ આપ્યો હતો તથા ધર્મજીવનમ્ હોસ્ટેલમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓની સભામા સંતોએ ભગવાન શ્રી સ્વામિનારાયણના પરચા પ્રકરણની કથાનુ શ્રવણ કરાવ્યુ હતું આ ઉપરાંત ગુરુકુલમાં વસતા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય એવા શુભ હેતુથી ધનુર્માસ અંતર્ગત ફૂટપાથ ઉપર કડકડતી ઠંડીમા ઠૂઠવાતા ગરીબોની પાસ જઈ વિદ્યાર્થીઓએ તેમને ધાબળા ઓઢાડ્યા હતા. ભગવાન રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજને ભવ્ય ફલકૂટોત્સવ ધરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ એ પ્રસાદીના ફળોનુ અનાથાશ્રમ તથા હોસ્પિટલામા વિતરણ કરવામા આવ્યુ હતું. આ ઉપરાત મહાપૂજા, મત્રલેખન, છાત્રાલયમા સતોની પધરામણી, શેરડી ઉત્સવ, બોર ઉત્સવ, કુટ ઉત્સવ જેવા ઉત્સવો, અનાથાશ્રમ તથા અપ

અપગ શાળામાં સહાય, ગૌશાળામાં ગાયોને ઘાસ વિતરણ, છાત્રાલયમાં સંત પધરામણી, મેરેથોન દોડ જેવા વિવિધ આયોજનો કરવામાં આવ્યા હતા. આ તમામ આયોજનો પૂજ્ય શાસ્ત્રી શ્રી કુંજવિહારીદાસજી સ્વામીના માર્ગદર્શન પ્રમાણે વિદ્યાર્થીઓએ કર્યા હતા અને બધા જ હોંશે હોંશે જોડાયા હતા.

વાર્ષિકોત્સવ

SGVP ખાતે તારીખ ૧૨ જાન્યુઆરીના રોજ દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયનો વાર્ષિકોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો. પૂજ્ય સ્વામીજીના સાન્નિધ્યમાં ઉજવાયેલ વાર્ષિકોત્સવના શુભારંભે પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિશ્રી ગોપબન્ધુ મિશ્રા, અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના ડીઈઓશ્રી રાકેશભાઈ વ્યાસ, અમદાવાદ એજ્યુકેશન ઈન્સ્પેક્ટર શ્રી કલ્પેશભાઈ રાવલ, ગુજરાત અધ્યાપક મંડળના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ પટેલ, રવિન્દ્રભાઈ ત્રિવેદી, દર્શનમ્‌ના ડાયરેક્ટર આચાર્યશ્રી રામપ્રિયજી વગેરેએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. આ પ્રસંગે સ્વામીશ્રીએ મહાકવિ ન્હાનાલાલે લખેલ સદર્ભને ટાંકીને જણાવ્યું હતું કે, એક સમયે એક બાજુ મેકોલે ભારતીય પરંપરાઓને તોડવા માટે આયોજન કરી રહ્યો હતો, એ જ વખતે નાના-મોટા રાજા-મહારાજાઓ અને ભારતીય મઠ મંદિરો ભારતીય શાસ્ત્રોની રક્ષા કરી રહ્યા હતા. આમા ગુજરાતના નાના-મોટા રાજાઓનો સહયોગ પણ ઐતિહાસિક રહ્યા છે.

સંસ્કૃત પ્રાધ્યાપક મંડળના પ્રમુખશ્રી ગોવિંદભાઈ પટેલે ગુજરાતમા સંસ્કૃત ભાષાના પ્રચાર પ્રસારની દયનીય સ્થિતિનો ચિતાર આપ્યો હતો અન આ વારસાને સાચવવામાં સહયોગ આપી રહેલ **SGVP**, સાન્દિપની, ભાગવત વિદ્યાપીઠ સોલા, બ્રહ્મર્ષિ વિદ્યાલય નડિયાદ વગેરે સંસ્થાઓનો આભાર માન્યો હતો. માનનીય કુલપતિશ્રીએ પોતાના ભાષણમાં સંસ્કૃત ભાષાનું મહત્ત્વ સમજાવ્યું હતું પુરાણીશ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, રવિન્દ્રભાઈ ત્રિવેદી, શિક્ષણાધિકારીશ્રી તથા આચાયશ્રી રામપ્રિયજી વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

આ પ્રસંગે ઋષિકુમાર લખન દવેનું વર્તમાન વર્ષના શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે અને શ્રીહેમંતભાઈ શર્માનું વર્તમાન વર્ષના શ્રેષ્ઠ શિક્ષક તરીકે બહુમાન કરવામાં આવ્યુ હતું. પ્રધાનાચાયશ્રી અર્જુનજીએ સસ્થાનો વાર્ષિક અહવાલ રજુ કર્યો હતો. ઋષિકુમારોએ સંસ્કૃતમા સ્વાગત નૃત્ય, ધ્રુવ નાટિકા અને શિવસ્તુતિ સાથેના યોગાસનોના પ્રયોગો કરી દર્શકોના દિલ જીતી લીધા હતા. આ પ્રસગે પધારેલ માતા-પિતાઓનું ઋષિકુમારોએ પૂજન કર્યું હતુ, જે દૃશ્ય અતિ ભાવવાહી હતું. સમગ્ર કાયક્રમનું સંચાલન વિદ્યાર્થીઓએ જ સુંદર રીતે કર્યું હતું. અંતમાં વૈદિક રાષ્ટ્રગીતના ગાન સાથે વાર્ષિક મહોત્સવ પૂર્ણ થયો હતો.

સાંઈ પર્વ

SGVP દ્વારા કાર્યરત 'નાદબ્રહ્મ કલાકેન્દ્ર'ના ઉપક્રમે ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ કવિ, સંસ્કૃતિમમજ્ઞ અને અધ્યાત્મયાત્રી સાંઈ શ્રી મકરંદ દવેની કર્મપ્રતિભાને પોખવા માટેના એક દિવસીય 'સાંઈ પર્વ'નું આયોજન **SGVP** ખાતે કરવામા આવ્યુ હતુ. પૂજ્ય સ્વામીજીના સાન્નિધ્યમાં યોજાયેલ આ કાર્યક્રમમાં જ્ઞાનપિઠ એવોર્ડ વિજેતા રઘુવીરભાઈ ચૌધરી, જાણીતા કવિ શ્રી હર્ષદભાઈ ત્રિવેદી, દલપતભાઈ પઢીયાર વગરેએ મકરંદ દવના જીવન તથા એમના દ્વારા રચાયેલા સાહિત્ય વિષ મનનીય પ્રવચનો કર્યા હતા. તથા જાણીતા ભજનિક નિરંજનભાઈ રાજ્યગુરુએ મકરંદ દવે રચિત પદોનું ગાન કરી વાતાવરણ ભવાપૂણ બનાવ્યુ હતું.

ટેની-કોઈટ સ્પર્ધા

SGVP ગુરુકુલ રીબડા-રાજકોટ ખાતે,ગુજરાત રાજ્ય **TENNI -KOIT** (ટેની કોઈટ) એસોસિએશનના ઓર્ગેનાયઝેશન ચેરમેન શ્રી શક્તિસિંહજી અનિરુદ્ધસિંહજી જાડેજા દ્વારા આયોજીત ઓલ ઈન્ડિયા જુનિયર ટેની-કોઈટ સ્પર્ધાનું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં હરિયાણા, જમ્મુ કાશ્મીર, દિલ્હી, પંજાબ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ, બંગાળ, ગુજરાત, દીવ, પોંડિચેરી, બિહાર, તમિલનાડુ વગેરે ૨૯ રાજ્યોના ૩૫૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના અંતે તમિલનાડુની ટીમ વિજેતા થતા પૂજ્ય સ્વામીજી, શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામી, અનિરુદ્ધસિંહજી જાડેજાના હસ્તે વિજેતા ખેલાડીઓને શિલ્ડ અને વ્યક્તિગત ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા.

મકરસંક્રાંતિ પર્વ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે પૂજ્ય સ્વામીજીની ઉપસ્થિતિમાં મકરસક્રાંતિ પવના રાજ શાકોત્સવ, ગૌ પૂજન, સત્સંગ સભા, શાળાનો

વાર્ષિકઉત્સવ, વિજ્ઞાન પ્રદર્શન, રક્તદાન કેમ્પ અને મકરસંક્રાંતિ મહોત્સવ વગેરે સપ્તરંગી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઉના તેમજ આજુ-બાજુના નાધેર વિસ્તારના પાંચ હજાર ઉપરાંત હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં બાળકો દ્વારા બેન્ડ-વાજા દ્વારા ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. ત્યાર બાદ સ્વામીજીએ શાળામાં ઉજવાઈ રહેલ વાર્ષીક ઉત્સવનું ઉદ્ઘાટન કર્યું હતું. શાળાના આચાર્ય મહેશભાઈ જોષી તથા શિક્ષકોની ટીમની સાથે ૨૦૦ વિદ્યાર્થીઓએ ખૂબ જ મહેનત કરી પ્રદર્શન ગોઠવ્યું હતું. પૂજ્ય સ્વામીજીએ પ્રદર્શન નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ઉજવાયેલ શાકોત્સવ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ વિશાળ સભાને સંબોધતા જણાવ્યુ હતું કે, આજે ઉતરાયણનું પર્વ છે. જીંદગીના બે માર્ગો છે, તેમાં ઉતરાયણ એટલે પુણ્યનો માર્ગ અને દક્ષિણાયન એટલે પાપનો માર્ગ. ઉત્તરાયણ એટલે દેવતાઓનો માર્ગ અને દક્ષિણાયન એટલે દાનવોનો માર્ગ. ઉતરાયણ એટલે ઊર્ધ્વગતિનો માર્ગ દક્ષિણાયન એટલે અધોગતિનો માર્ગ. આમાંથી ક્યો માર્ગ પસંદ કરવો એ આપણા હાથમાં છે. ઉતરાયણ પસંદ કરીશુ તો સુખી થઈશુ અને દક્ષિણાયન પસંદ કરશું તો દુઃખી થઈશું. આ કાર્યક્રમના અંતે દરેક ગામના હરિભક્તોને સ્ટેજ પાસે બોલાવી પૂજ્ય સ્વામીજીએ ફૂલની પાંખડીઓથી વધાવી આશીર્વાદ પાઠવ્યા હતા. શાકોત્સવ પ્રસંગે પધારેલા ૫૦૦૦ ઉપરાંત હરિભક્તોને બાજરાના રોટલા, રીંગણનું શાક, અદડીપા, ખિચડી વગેરે ભોજનરૂપી રૂપી પ્રસાદ પીરસવામાં આવ્યો હતા . પૂજ્ય ભંડારી સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય નરનારાયણદાસજી સ્વામી વગેરે સંતો તથા ભક્તજનોએ મહોત્સવની તમામ વ્યવસ્થા કરી હતી.

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ SGVP છારોડીના અધ્યક્ષ પૂજ્ય સ્વામી શ્રી માધવપ્રિયદાસજીની પ્રેરણાથી તથા સંતોના માર્ગદર્શન પ્રમાણે શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ-જયોર્જિયા ખાતે મકરસંક્રાંતિના પાવન અવસરે પતંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

પૂજ્ય વેદાંતસ્વરૂપદાસજી સ્વામી, પૂજ્ય દર્શનપ્રિયદાસજી સ્વામી વગેરે સંતોના સાન્નિધ્યમાં યોજાયેલ પતંગોત્સવમાં એક હજાર જેટલા ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા તથા અમેરિકાના આકાશમાં ભારતીય પતંગો ચગાવવાનો આનંદ માણ્યો હતો. નાના નાના બાળકો, યુવાનો તથા વડીલોએ જાતજાતના પતંગો ચગાવ્યા હતા, પેચ લગાવ્યા હતા અને પતંગ કપાતા 'એ...કાપ્યો છે...' એવો નાદ કરી ગુજરાતના શહેર જેવું વાતાવરણ બનાવી દીધું હતું.

આ ઉપરાંત આજરોજ ફુડ ફેસ્ટીવલનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સંતોએ ઊંધીયું શાક, બાજરાના રોટલા, માખણ જેવા ભારતીય વ્યંજનો બનાવ્યા હતા. તથા ભાઈ-બહેનોએ સાથે મળી વિવિધ પ્રકારની વાનગીઓ તૈયાર કરી પધારેલા ભક્તોને ભાવથી જમાડ્યા હતા. આ મહોત્સવમાં પૂજ્ય કૃષ્ણજીવનદાસજી સ્વામી, પૂજ્ય આનંદવલ્લભદાસજી સ્વામી, તુષાર મહારાજ તથા સ્વયંસેવકોએ તમામ પ્રકારની વ્યવસ્થા કરી હતી. ઉપરાંત આગામી ૧૭ થી ૨૧ એપ્રિલ દરમિયાન અનેક આયોજનો યુક્ત ધામધૂમથી ઉજવાનાર સનાતન મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ પણ શરૂ કરી દીધી હતી.

શ્રદ્ધા સુમન

અ.નિ. પ.પૂ. શ્રી હરિભાઈ મૂરજીભક્ત હાલાઈ :- ગામ માધાપર, હાલ લંડન નિવાસી ભક્તરાજ શ્રી હરિભાઈ હાલાઈ હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. ભક્તરાજ હરિભાઈ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવાર, યુ.કે.ના ટ્રસ્ટી હતા. એમના હૃદયમાં સંસ્થા અને સંતો સાથેની નિષ્ઠા અને સમર્પણ અજોડ હતા. ઉપરાંત તેઓ કચ્છ લેવા પટેલ સમાજ લંડનના પ્રમુખ, હિન્દુ ફોરમ બ્રિટનના સભ્ય તેમજ અનેક સંસ્થાઓ સાથે સેવાકીય હેતુથી જોડાયેલા હતા. યુ.કે.ની પાર્લામેન્ટમાં હિન્દુ ધર્મના તહેવારો ઉજવવાની શરૂઆત થઈ એ માટેનો શ્રેય પણ હરિભાઈ તથા અ.નિ. અરજણભાઈ વેકરીયાને જાય છે. સરળ સ્વભાવ, સાદગી અને નિર્માની હોવાને કારણે એમણે ખૂબ જ લોકચાહના મેળવી હતી. આવા ઉત્તમ ભક્ત અને સમાજસેવકના જવાથી સમાજને ખૂબ મોટી ખોટ પડી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ હરિભાઈના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર નવેન્દુ, સુપુત્રી પ્રીતિ ભાઈ શ્રી લક્ષ્મણભાઈ (કપાલા) વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી વાલજીભાઇ વલ્લભભાઇ આસદાણી :- ગામ ઈંટવાયા નિવાસી પ.ભ. શ્રી વાલજીભાઈ આસદાણી તારીખ ૧૫ જાન્યુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. વાલજીભાઈએ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતોનો ખૂબ જ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આજે પણ આ પરિવાર ગુરુકુલ સાથે જોડાયેલો છે અને ખૂબ જ સેવાઓ કરે છે. સંતો તથા શ્રીહરિમાં હેત વાળા વાલજીભાઈના અક્ષરવાસથી સમસ્ત ગુરુકુલ પરિવાર શોકની લાગણી અનુભવે છે. ભગવાન શ્રીહરિ વાલજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા શૈલેષભાઈ, રાજુભાઈ, ઘનશ્યામભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી હરિન બિપીનભાઈ દેસાઈ :- સુરત નિવાસી ગુરુકુલના સેવક શ્રી બિપીનભાઈના સુપુત્ર હરિન ૨૪ ડિસેમ્બરના રોજ અક્ષરવાસી થયેલ છે. ખૂબ જ નાની ઉંમરે હરિનનો અક્ષરવાસ થવાથી દેસાઈ પરિવાર તથા ગુરુકુલ પરિવાર ખૂબ જ શોકની લાગણી અનુભવે છે. હરિન નાનપણથી સંતોમાં ખૂબ હેત ધરાવતો હતો. ભક્તપરિવારના સંસ્કારો એનામાં ઉતરી આવ્યા હતા. બિપીનભાઈ તથા એમનો પરિવાર ખૂબ જ સારો સત્સંગ રાખે છે અને સેવાઓ કરે છે. ભગવાન શ્રીહરિ સંતોના લાડીલા હરિનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા બિપીનભાઈ, જયમીન, બટુકભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના. પૂજ્ય સ્વામીજીએ શ્રદ્ધાંજલી સભામાં પધારી પ્રાર્થના કરી પરિવારને આશ્વાસન આપ્યું હતું.

અ.નિ. પ.ભ. શ્રી હિરજીભાઇ પ્રેમજીભાઇ ઠક્કર :- ગામ દહીંસરા હાલ બોલ્ટન નિવાસી શ્રી હિરજીભાઈ ઠક્કર ભગવાન શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. હીરજીભાઈ ઘણાં સમય સુધી શ્રી કચ્છ લેવા પટેલ સમાજ-બોલ્ટનના પ્રમુખ રહ્યા હતા. તેઓને ગુરુકુલની સેવાપ્રવૃત્તિઓ પ્રત્યે ખૂબ જ ભાવ હતો અને અવારનવાર સેવાઓ કરતા રહેતા. સમાજનું જતન કરવામાં એમણે ખૂબ જ કાળજી લીધી હતી. હિરજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા દીપકભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી હરસુખભાઇ મોહનભાઇ વાગડીયા :- ગામ ધોરાજી હાલ મુંબઈ નિવાસી પ.ભ. શ્રી હરસુખભાઈ વાગડીયા ૫૮ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. સંસ્થા તથા સંતો સાથે હેત ધરાવનાર હરસુખભાઈને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર જય તેમજ બનેવી નરેન્દ્રભાઈ (જીમી ટાવર વાળા) વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી મનસુખભાઇ ત્રીભોવનભાઇ હીરપરા :- ધનબાદ નિવાસી પ.ભ. શ્રી મનસુખભાઈ હિરપરા તારીખ ૯ જાન્યુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. મનસુખભાઈ તથા તેમના પરિવારે સદ્‌ગુરુ સંતોનો ખૂબ જ રાજીપો પ્રાપ્ત કર્યો છે. આજે પણ આ પરિવાર ગુરુકુલ સાથે જોડાયેલો છે અને ખૂબ જ સેવાઓ કરે છે. ભગવાન શ્રીહરિ મનસુખભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો સંજયભાઈ, નીતિનભાઈ તથા મોટાભાઈ મુકેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી બાબુભાઇ બચુભાઇ શેલડીયા :- ગામ મોટા સમઢીયાળા નિવાસી તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ વગેરે સંતોના કૃપાપાત્ર બચુબાપાના પરિવારના પ.ભ. શ્રી બાબુભાઈ શેલડીયા ૭૩ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. આ પરિવારની ભગવાન શ્રીહરિમાં નિષ્ઠા અને સેવાઓ અજોડ છે. આજે પણ આ પરિવાર ગુરુકુલ સાથે જોડાયેલો છે. સંતો તથા શ્રીહરિમાં હેત વાળા બાબુભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો દિનેશભાઈ, અશ્વિનભાઈ, મયુરભાઈ તથા ભાઈઓ કલ્યાણભાઈ, રામજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને શ્રીહરિ ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી નરસિંહભાઇ લક્ષ્મણભાઇ ડાંગોદરા :- ગામ અંબાડા નિવાસી પ.ભ. શ્રી નરસિંહભાઈ ડાંગોદરા શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ગુરુકુલ અને સંતો સાથે જોડાયેલો આ પરિવાર ખૂબ જ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ નરસિંહભાઈભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો અરવિંદભાઈ, ભરતભાઈ, મહેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આગામી આયોજન

તા. ૦૩/૨/૧૯, રવિવાર : સુહૃદસભા: સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ

તા. ૧૦/૨/૧૯, રવિવાર : વસંતપંચમી : રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ તથા શાકોત્સવ : અન્નકૂટ દર્શન, શિક્ષાપત્રી પૂજન, સવારે : ૭ કલાકે, છારોડી ગુરુકુલ

તા. ૧૪/૨/૧૯, ગુરુવાર : શ્રીહરિ જયંતી : સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન. મેમનગર ગુરુકુલ

તા. ૧૬/૨/૧૯, શનિવાર : જયા એકાદશી : રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ.

તા. ૨૧/૨/૧૯, ગુરુવાર : ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પુણ્યતિથિ : ગુણાનુવાદ સભા, સાંજે ૬:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.

SGVP HOLISTIC HOSPITAL

FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

એલોપથી, આયુર્વેદ તથા યોગ દ્વારા અદ્યતન સારવાર

SGVP હોલિસ્ટિક હૉસ્પિટલ ગુજરાતની પહેલી એવી મલ્ટી-ડિસિપ્લિનરી સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલ છે જે એલોપથી, આયુર્વેદ અને યોગ એમ ત્રણેય સેવાઓનો સમન્વય પૂરો પાડે છે. રોગોના સચોટ નિદાન સાથે સારવાર માટે ઉપલબ્ધ છે. અદ્યતન મૉડર્ન સાધનોથી સજ્જ રેડિયોલોજી ડિપાર્ટમેન્ટ, શરીરની આંતરિક તપાસ માટેના ખાસ મશીનો જે રેડિયેશનને ઘટાડીને સચોટ નિદાન કરે છે. અત્યાધુનિક મશીનો ધરાવતો પેથોલોજી ડિપાર્ટમેન્ટ, જ્યાં પૂરતી ચોકસાઈ સાથે આપની ચિકિત્સા થાય છે.

રેડિયોલોજી ડિપાર્ટમેન્ટ — શરીરની આંતરિક તપાસ માટે રેડિયોલોજી ઇમેજિંગ

સી.ટી. સ્કેન

GE (Revolution ACT) મશીન જેનાથી રેડિયેશન ઘટી જાય

મેમોગ્રાફી

સ્તન કૅન્સરને શરૂઆતના તબક્કામાં પકડવા માટે

ઑર્થો-ટ્રૉ

SIEMENS ડિજિટલ ઑર્થો-ટ્રૉ મશીન

અદ્યતન સોનોગ્રાફી

ઉચ્ચ કોટીનું 4D કલર ડોપ્લર સાથેનું GE(Logiq P8) સોનોગ્રાફી મશીન

પેથોલોજી ડિપાર્ટમેન્ટ

અત્યાધુનિક સાધનો વડે સજ્જ લેબોરેટરીમાં બાયોકેમેસ્ટ્રી, ક્લિનિકલ પેથોલોજી, સાયટો પેથોલોજી, માઈક્રો બાયોલોજી, હિમેટોલોજી, ઈમ્યુનોલોજી, ઈમ્યુનોહીસ્ટો કેમેસ્ટ્રી, રોપી રોગ, ન્યુટ્રીશન અને મેટાબોલિઝમ વિગેરેમાં સચોટ નિદાન થશે. લોહી, પેશાબ, મળ, શરીરનાં કોઈ પણ ભાગમાંથી ખેંચેલ પાણી-પરુ-લોહીની તપાસ વિગેરેની સુવિધા ૨૪ કલાક રહેશે.

મા યોજના (ક્લસ્ટર) — મુખ્યમંત્રી અમૃતમ્ મા યોજના હેઠળ ઘણી બધી ગંભીર બીમારીઓની સારવાર કરવામાં આવે છે

ક્લસ્ટર ૫	ડાયાલિસિસની સુવિધા ઉપલબ્ધ
ક્લસ્ટર ૮	પોલીટ્રોમા (અકસ્માતમાં થતી ઈજાઓની સારવાર)
ક્લસ્ટર ૧૪	જોઇન્ટ રીપ્લેસમેન્ટ ('ઘી' સારવાર)

રેડિયોલોજી, પેથોલોજી અને ફાર્મસીની સુવિધા ૨૪ કલાક ઉપલબ્ધ | કેશલેસ સુવિધા ઉપલબ્ધ

ઉત્તમ સ્વાસ્થ્ય, એ જ ખુશહાલ જીવનની પહેલી સીડી.

SGVP કૅમ્પસ, સરખેજ - ગાંધીનગર હાઇવે,
છારોડી, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૮૧.
hospital@sgvp.org | www.sgvpholistichospital.org

24x7 ઇમરજન્સી હેલ્પલાઇન: 95122 00121

02717-240 001 | +91 95122 00122 | /sgvphh

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1465/2019-2021
Valid Upto 31-12-2021 issued by the GSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.

SGVP ને ચાંગણે આયોજિત સ્નેહમિલન પ્રસંગે ઉપસ્થિત સદ્‌ગુરુ સંતો, કેન્દ્રિય મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, જગદીશભાઈ ત્રિવેદી તથા ગુરુકુલ પરિવારના ભક્તજનો

ક્રિસમસ દરમિયાન SGVP હોસ્ટેલના વિદ્યાર્થીઓ દ્વારા ગૌપૂજન, દરિદ્રનારાયણને ધાબળા વિતરણ, હોસ્પિટલમાં ફ્રુટ વિતરણ, અનાથાશ્રમ તથા વૃદ્ધાશ્રમમાં જીવન જરૂરિયાત સહાય, છાત્રાલયમાં સંત પધરામણી જેવા અનેકવિધ આયોજનો થયા હતા.

Printed and Published by Puram Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat